# અમેરીકામાં સર્વોદય

–જગદીશ શાહ

*(અમેરીકા જેવા માયાવી દેશમાંયે ભારતીયતાની – ત્યાગની, પ્રેમભાવની, પરીવારભાવનાની જ્યોત અખંડ જલતી રાખનારાના જુજ દાખલા જોવા મળે છે. રણમાં મીઠી વીરડી જેવી, એક 'સર્વોદયી પરીવાર'ની સત્યકથાનું બયાન જાણી મને અત્યંત આનંદ થયો તો વાચકોનેય તેમાં રસ પડશે એમ માની ગમતાનો ગુલાલ કરું છું. – જ. શાહ)*

મારા મીત્ર પીયુષભાઈ શાહ લોકભારતી સણોસરાના સ્નાતક અને પછી જી.બી.ટી.સી.માં ભણી ઉત્તર બુનીયાદી શાળાના આચાર્ય થયા. ઘરમાં પ્રાર્થના, નીર્વ્યસનતા, સ્વાવલમ્બન, સેવાનું વાતાવરણ. તેમનાં પત્ની સુલોચનાબહેન પણ બુનીયાદી પ્રાથમીક શાળાનાં શીક્ષીકા. તે બે અને બે દીકરા પછી એક દીકરી એવો એમનો પાંચનો પરીવાર. નાનો દીકરો સુનીલ ભણવામાં તેજસ્વી. અહીં રહી ઈલેક્ટ્રૉનીક્સમાં એંજીનીયર થયા પછી તેને અમેરીકા જવાની રઢ લાગી. લગ્ન માટે માંગાં આવે; પણ સુનીલને તો અમેરીકાની ગુજરાતી છોકરીની જ રઢ. કેટલાયે અનુભવીઓએ તેને સલાહ આપી કે 'આ જક છોડ, ક્યાંક ફસાઈ જઈશ. ત્યાંયે પીળું તેટલું સોનું નથી અને ઉજળું તેટલું દુધ નથી.' પણ સુનીલને ગળા સુધીની ખાતરી કે તેની સાથે એવું નહીં જ બને. પોતે સાદો-સીધો પુરુષાર્થી, પરીવાર–પ્રેમી હતો અને તેવી જ એક મધ્યમ વર્ગની, અમેરીકામાં સ્થીર થયેલી વર્ષાને, આવો જ પતી ખપતો હતો. સુનીલ-વર્ષાનાં લગ્ન થયાં ને થોડા મહીને વર્ષાની પાછળ સુનીલભાઈ પણ અમેરીકા પહોંચી ગયા. શરુઆતમાં થોડું ભણતર મેળવી પોતાની યોગ્યતા સાબીત કરી. તરત બહુ સારી નોકરી (જૉબ) ન મળી; પણ જે મળી તે સ્વીકારી લીધી. બે-ત્રણ જૉબ બદલ્યા પછી ૩-૪ વર્ષે સુનીલભાઈને સરસ કામગીરી મળી ગઈ. બાર મહીને લાખ ડૉલરથીયે વધુ વેતન અને દુનીયાભરમાં ફરી ફરીને કરવાની કામગીરી. સુનીલના સંસ્કાર જ નીષ્ઠાપુર્વક, પ્રામાણીકતાથી અને જવાબદારીથી કામ કરવાના. તેથી ઉત્તરોત્તર પ્રગતી જ થતી ગઈ. અમેરીકામાં બૉસ્ટનમાં સારું એવું એક ઘર પણ ખરીદી લીધું.

સુનીલ-વર્ષાએ હવે દેશમાંથી પરીવારને બોલવવાની તજવીજ કરવા માંડી. માતાપીતા પીયુષભાઈ અને સુલોચનાબહેનની નોકરી પણ ઘણાં વર્ષોની થઈ હતી. બન્ને નીવૃત્તીને આરે આવી ગયેલાં. તેમને અમેરીકા બોલાવી લીધાં. અહીં સર્વોદયની પ્રવૃત્તી સાથે સહજ રીતે સંકળાયેલાં આ દમ્પતીને અમેરીકામાં બેસી રહેવાનું કેમ ગમે ? તેઓ સ્વાધ્યાય-પ્રવૃત્તી સાથે પણ સંકળાયેલાં. દેશમાં જે કરતાં હતાં તે તેમણે ત્યાંયે કરવા માંડ્યું. ત્યાંની રીતે ભક્તીફેરી, અઠવાડીક મીલન વગેરે કરતાં કરતાં તેમનો પરીચય વધ્યો. સુનીલની આવક પુરતી; છતાં વર્ષા નવરી બેસી રહે તેવી ન હતી. તેય જૉબ કરતી. વહેલી સવારે ચાર વાગે ઉઠી જાય,

ઘડીયાળના કાંટે ઘરકામ પતાવી, નાસ્તાનો ડબ્બો લઈ કામે જતી રહે. તે જાય એટલે બાકીનાં કામો સુલોચનાબહેન પતાવી દે. સાંજે વર્ષા આવે ત્યારે તેને માટે ઘરકામ બાકી ન હોય. સાસુ-વહુ વચ્ચે રોજ મીઠો ઝઘડો થાય. "મમ્મી, તમે આખી જીન્દગી ઢસરડો કર્યો હવે આરામ કરો, મારી અત્યારે કામ કરવાની ઉમ્મર છે ને ઘરમાં બધી જાતનાં સાધનો (ગેજેટ્સ) છે, જેથી દેશમાં પડે છે તેવો શ્રમ મને પડતો નથી.'' સુલોચનાબહેન કહે, ''દીકરી મારી ! કામ કરું છું તો મારું શરીર સચવાય છે. તેમ ન કરું તો શરીર જકડાઈ જાય અને આળસના થર જામી જાય. વળી તને મદદરુપ થવાય છે તો તુંયે સાંજે થાકી-પાકી કંઈક વાંચે કે મનોરંજન માણી શકે ને !''

પણ પીયુષભાઈ-સુલોચનાબહેનને ઘરકામથી સંતોષ ન થાય. અમેરીકામાં પૈસો મળે; પણ ઘરનું માણસ ન મળે. કોઈને ઘેર સાજું-માંદું હોય તો પીયુષદાદા ને સુલાબા પહોંચી જાય. ક્યાંક નાનાં બાળકનાં મા-બાપ બન્ને કામે જાય ને ઘરમાં બાળકની સાથે રહેનાર કોઈ ના હોય તો આ જોડી પહોંચી જાય. ક્યાંક કોઈનો જન્મદીન હોય કે સગાં-વહાલાંને જમવા બોલાવ્યાં હોય તો દાદા-બાની જોડી રસોઈ કરવા પહોંચી જાય. બૉસ્ટનનાં ગુજરાતી ઘરોમાં પીયુષદાદા-સુલાબાની હુંફ સૌને. તેથીયે આગળ વધીને આડોશ-પાડોશના ગોરા લોકો સાથેય દાદા-બાનો ઘરોબો. કોઈ ખાસ ભારતીય વાનગી બનાવી હોય તો વાડકી પહોંચાડી દે. વર્ષા વહુ ચેતવે, ''આ અમેરીકા છે. ન કરે નારાયણને કોઈકને વાંકું પડ્યું તો તમારી ભલમનસાઈને બાજુએ રાખી સ્યુ (કેસ) કરી દેશે તો આપણે તો ધર્મ કરવા જતાં ધાડ પડી જશે.!'' પણ 'આપ ભલા તો જગ ભલા'માં પુરો ભરોસો રાખનારાં દાદા-બા પાછાં ના પડે. કેટલીયે વાર પાડોશીઓ અડ્યું-અપટ્યું હોય તો તેમની ખબર કાઢી જાય. ઘર આગળ બરફ પડી ગયો હોય તે સાફ કરવાનો હોય કે લોન સરખી કરવાની હોય તો ગોરા પાડોશીઓ દાદા-બાની વહારે આવી જાય.

દાદા-બાનાં કામોથી સૌ ખુશ, એટલે ત્યાનાં રીવાજ મુજબ તેમને કામના બદલામાં કંઈકને કંઈક આપ્યા કરે. ''આપણી ફરજ છે તેમાં શું આપવા-લેવાનું?'' એવું દાદા-બા કહે ને કોઈની પાસે કોઈ અપેક્ષા ન રાખે તેથી તો વળી પેલા વધારે આપે. દાદા-બા પાસે ખાસ્સી રકમ ભેગી થઈ જાય. દીકરા-વહુ ભદ્ર, નીર્લોભી. તેમણે કહી રાખેલું કે, ''તમારી આવી કોઈ આવક થાય તેમાંથી ઘરમાં કાંઈ ખર્ચ કરવો નહીં. દેશમાં જાઓ ત્યારે તેનો સદ્ઉપયોગ કરવો.'' બે-ત્રણ વર્ષે પીયુષભાઈ–સુલેચનાબહેન દેશમાં આવે ત્યારે વળી પેલા સમ્બન્ધીઓ તેમને દેશમાં વાપરવા કાંઈક ને કાંઈક આપે.

અહીં ૩-૪ મહીના રહે તે દરમીયાન કોઈને ભણવા માટે, કોઈને બીમારી માટે, ક્યાંક શીક્ષણની કે સેવાની સંસ્થામાં તો ક્યાંક આરોગ્યના યજ્ઞોમાં છુટે હાથે મદદ કરે. અહીં જે કરે તેની વીડીયોફીલ્મ પાછા અમેરીકા જાય ત્યારે સૌને બતાવે, વળી વધારે રકમ લેતા આવે. આમ દીકરા-વહુની ઉદારતા અને પીયુષભાઈ–સુલોચનાબહેનની સેવાભાવનાને કારણે લાખો રુપીયાનું દાન થાય.

પીયુષદાદા-સુલાબાનું સેવાનું ક્ષેત્ર બૉસ્ટનમાં વીકસતું જ ગયું. ક્યાંક કોઈને છોકરા-છોકરી પરણાવવાનાં હોય, ક્યાંક જુવાન પતી-પત્ની વચ્ચે મનમેળ તુટવા જેવું થાય, ક્યાંક મા-બાપોને સરખી રીતે સારવાર ન મળતી હોય તો દાદા-બા આત્મીયતાથી સલાહ-સુચન-માર્ગદર્શન આપે ને તુટતાંને જોડી આપે, મનમેળ કરાવી આપે. એકવાર તો એક ઘરડાં માજીને ઘર સોંપી, દીકરા-વહુ કોઈ પ્રસંગે દેશમાં આવેલાં. ત્યાં તે માજી જ માંદાં પડ્યાં. રોગ ચેપી, તોયે દાદા-બા તેમને પોતાને ઘરે લઈ આવ્યાં. દોઢ મહીનો ઘેર રાખી સેવા–ચાકરી કરી.

અમેરીકામાં આવી પારકી પળોજણને ભાગ્યે જ કોઈ વહુ સાંખી લે. અરે, હવે તો આપણાં શહેરોમાંયે હુતો–હુતીને માબાપ પાલવવાં વસમાં લાગે છે; તો તેમણે ઘરમાં ઘાલેલી પારકી પળોજણની તો વાત જ ક્યાં ? પણ પુત્રવધુ વર્ષા સદાયે આવાં કામોમાં સાસુ–સસરાને ટેકો આપે. આવક ખાસ્સી છે, ઘર મોટું છે; પછી દીલને સાકડું શા માટે કરવું ?

વર્ષાવહુની કુટુમ્બ–વત્સલતાને લીધે ધીમેધીમે સુનીલનાં ભાઈ અને બહેન, તેમનાં સંતાનો સાથે આજે અમેરીકામાં ઠરીઠામ થઈ ગયાં છે. વર્ષાએ સૌને બોલાવ્યાં. શરુઆતમાં પોતાને ઘરે રાખ્યાં. તેમને માટે યોગ્ય જૉબ શોધી. પછી તેઓ અલગ ઘર રાખે ત્યાં સુધી ઉદારતાપુર્વક સાચવ્યાં.

અમેરીકામાં અર્થદાસોની વચ્ચે આવી ઉદારતા, સેવાભાવનાનો નમુનો જવલ્લે જ જોવા મળી શકે. આપણે ઈચ્છીએ કે આવી 'સર્વોદય પ્રવૃત્તી'ના દાખલાનો ચેપ અમેરીકામાં વસતા તમામ ગુજરાતીઓને લાગે.

(આ લેખ ૨૦૦૮માં 'કોડીયું' અને ત્યાર બાદ 'ભુમીપુત્ર' તથા 'અખંડ આનંદ'માંયે પ્રકાશીત થયો હતો. અહીં તે જરાક ટુંકાવીને...ઉત્તમ ગજ્જર)

–જગદીશ શાહ


લેખકસમ્પર્ક:

જગદીશ શાહ, વીનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા–390 021 ફોન : 0265-237 0489 મોબાઈલ : 98243 26037 ઈ–મેઈલ : jashah1934@gmail.com

અમેરીકામાં પીયુષભાઈ અને સુલોચનાબહેનનું સરનામું :

Piyush M. Shah, C/o Sunil Shah, 19-County Road, Burmington, MA-01803- USA
Phone: 781-273-3558 eMail : sulapiyush@yahoo.com


હવે આ લેખના ઉમેરણમાં જગદીશભાઈએ લખેલી વાત :

આ લેખ વાંચી ગાંધીનગરથી એક વડીલનો ફોન આવ્યો. તેમણે પીયુષભાઈનું સરનામું અને ફોન નંબર મંગાવ્યો. મેં આપ્યો.

આ વડીલનો દીકરો અમેરીકામાં રહેતો હતો. તે મોટી મલ્ટીનેશનલ કંપનીના સારા હોદ્દા પર કામ કરતી વીદેશી છોકરીને પરણ્યો હતો. તેની પત્નીની પહેલી સુવાવડ વખતે તેનાં

માબાપ અમેરીકે ગયાં હતાં અને સુપેરે સુવાવડ પહેલાંની ને પછીની કાળજી કરી હતી. હવે આ બીજી વારની સુવાવડમાં ત્યાં જવાની તેમને અનુકુળતા નહોતી. તેમણે તે દીકરાને પીયુષભાઈનું સરનામું આપ્યું. સંજોગવસાત્ બન્નેનાં ઘર બહુ દુર નહોતાં. દીકરાનો ફોન મળતાં 'દાદા–બા' તો પહોંચી ગયાં તેને ઘરે ! પેલી વીદેશી વહુની સુવાવડ પણ, પોતાની દીકરીની જ હોય તેમ પુરા પ્રેમભાવથી કરી. પછી 'કાટલું' પણ બનાવી આપ્યું ને તેનો ઉપયોગ કેમ કરવો તેય શીખવ્યું. પેલી વીદેશી વહુ અંગ્રેજી ભાષા જ જાણે અને સુલાબહેન માત્ર ગુજરાતી જ જાણે; છતાં પ્રેમભર્યા ઈશારાની વીશ્વભાષામાં બન્ને એકબીજા સાથે વાતો કરી લેતાં.

બધું પતી ગયા પછી પણ પેલાં દીકરા–વહુએ પીયુષભાઈ–સુલોચનાબહેનનો સાથ ન છોડ્યો. પીયુષભાઈનો આખો પરીવાર સ્વાધ્યાય પ્રવૃત્તીમાં સક્રીય; તો પેલું દમ્પતી પણ એમાં જોડાયું. પેલી ફીલીપાઈન્સની વહુને તો સુલાબહેન જોડે એવી માયા લાગી ગઈ કે ધીમે ધીમે વાતચીત પુરતું ગુજરાતીયે સમજતાં–બોલતાં શીખી ગઈ.

આમ, આ સર્વોદય–પરીવારે તદ્દન અજાણ્યાં દમ્પતી અને તેમાંયે વીદેશી પુત્રવધુ સાથે સ્નેહનાતો જોડ્યો. આજે પીયુષભાઈ એંશીની અને સુલાબહેન પંચોતેરની લગોલગ પહોંચવામાં. એટલે સેવા–ઝડપમાં થોડી અસર આવી હોય એવું બને; પણ ફોન પર વાતો કરીએ ત્યારે તેમનો રણકો, ઉમંગ અને સેવા–ઉમળકો એટલો જ તાજો વરતાય..

–જગદીશ શાહ, ૧૧/૧૧/૨૦૧૩

લેખકસમ્પર્ક ઉપર આપ્યો છે :

●●●●●

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ : નવમું - અંક : 287 – January 12, 2014

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@gmail.com

@@@@@

More than 2,65,00,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 25,04,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 5,74,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

@@@@@